# અંબા મા ને પ્રાંગણે...

નવલી નોરતા ની રાતે,
હું તો ગરબે ઘુમવા ગઈ' તી...
બાંધણીયું ઓઢી સહિયર ભેગી,
હું તો ગરબે ઘુમવા ગઈ' તી...

પગમાં ઝાંઝરિયું ને નુપુર નો ઝણકાર,
આંખે આંજી મેંશ ને ટીલડી સોહે ભાલ,
ફૂલડે ગુંથ્યો ચોટલો ને ફુમતું કેડે ઝૂલે,
સાંવરિયા ની રાહ નયનો મીટ માંડી ઝંખે,
હું તો ગરબે ઘુમવા ગઈ' તી...

આવ્યો આવ્યો સાજન ઉછળી હેત ની હેલી,
મુખડું મલક્યું જોબન છલક્યું પૂરજોશે મહાલી,
હું રે ઘુમૂં ને ઘૂમે મારો ગરબો,
ઘમ્મર ઘમ્મર ઘૂમે મારો ગરબો,
હું તો ગરબે ઘુમવા ગઈ' તી...

ગરબો રમતો ને ભમતો,
પહોંચ્યો માતા અંબાને દવારે,
હું તો અંબા મા ને મળવા ગઈ' તી...
હું તો ગરબે ઘુમવા ગઈ' તી......